Navgujarat Samay

EDII

June 16, 2016
Page No. 2

# EDIના અભ્યાસક્રમમાં કેન્દ્ર સરકારની સ્ટાર્ટ અપ પોલિસીનો સમાવેશ થયો

નવગુજરાત સમય > અમદાવાદ

આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા આ વર્ષે ભારતીય અર્થતંત્રઃ સરકારી નીતિઓ અને એસએમઈ વિષય પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ-બિઝનેસ આંત્રપ્રોન્યોરશીપ (PGDM-BE) કોર્સના ભાગરૂપે શીખવવામાં આવશે.

કોર્સમાં ફેરફારો અંગે જણાવતા EDIના એસોસિએટ સિનિયર ફેકલ્ટી ડો. સત્યરંજન આચાર્યએ જણાવ્યું હતું કે, પીજીડીએમ બીઈ કોર્સમાં આ વર્ષથી સ્ટાર્ટ-અપ શરૂ કરવામાં સરકારની પોલિસીઓના પ્રદાન અંગે પણ અમે વિદ્યાર્થીઓને ભણાવીશું. આ કોર્સમાં વિદ્યાર્થીઓ સરકાર સાથે બિઝનેસ કરવા માટેની વિવિધ પ્રક્રિયાઓ જેવી કે બિડિંગ, ટેન્ડરિંગ વગેરે અંગે પણ શીખી શકશે.

**વિદ્યાર્થીઓ સરકાર સાથે બિઝનેસ કરવાની વિવિધ પ્રક્રિયાઓ પણ શીખશે**

ઈડીઆઈના ડિરેક્ટર ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ ધ્યેય પ્રાપ્તિ કરી શકે તે માટે સંસ્થા દ્વારા માઈલસ્ટોન આધારિત લર્નિંગ પદ્ધતિ શરૂ કરવામાં આવી છે. આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ ફેમિલી બિઝનેસ કે સ્ટાર્ટઅપના વિવિધ પાસાની જાણકારી મેળવીને પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવાની દિશામાં ડગ માંડશે.

## 6 વિદ્યાર્થીઓને EDI દ્વારા 9 લાખનું ફંડિંગ

સ્ટાર્ટ અપ આઇડિયા વિકસાવવા ઇડીઆઇ દ્વારા છ વિદ્યાર્થીઓને આ વર્ષે કુલ રૂા. 9 લાખનું ફંડ અપાયું છે. આ છ વિદ્યાર્થીઓમાંથી એક વિદ્યાર્થીને રૂા. 3.5 લાખ, એકને 2.5 લાખ અને ચાર વિદ્યાર્થીઓને રૂા. 1 લાખ અપાયા છે.